રાજયની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮
શરુ કરવા અંગે

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-ખપશ/૧૦૧૦/૩૧૩/ચ
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ- ૦૩/૦૫/૨૦૧૦

વંચાણે લીધા :-
૧. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની વર્ષ ૨૦૧૦-૧૧/ ખ-૨/૮૨૩ ની સીંગલ ફાઇલ પરની નોંધ
૨. ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ-૨૦૧૦
૩. શિક્ષણ વિભાગનો તા. ૧૫/૦૪/૧૦નો ઠરાવ ક્રમાંક- પીઆરઇ-૧૦૧૦-૨૨૩-ક

ઠ રા વ ::-

ભારત સરકારે બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિનિયમ- ૨૦૦૯ ની કલમ-૩ માં જોગવાઇ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકને તેઓ ધોરણ-૮ સુધીનો અભ્યાસ માટે મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર આપવામાં આવેલ છે.

૨/. ભારત સરકારના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ તા. ૧/૪/૧૦ થી અમલમાં આવેલ છે. આ સંજોગોમાં ગુજરાત રાજયમાં અંદાજે ૫૦૦૦ જેટલી પ્રાથમિક શાળાઓને ધોરણ-૮ સુધીનું શિક્ષણ અપગ્રેડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૩/- જે સંચાલક મંડળ ધોરણ-૧ થી ૭ પ્રાથમિક શાળાઓ ચલાવે છે તે શાળાઓમાં ધોરણ-૮ શરુ કરવા માંગતા હોય તો તેમને બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ ની કલમ-૧૮ અન્વયે ધોરણ-૮ શરુ કરવા માટે કલમ-૧૯ માં દર્શાવેલ શાળા માટેના ધોરણો અને માપદંડને ધ્યાનમાં લઈ મંજુરી આપવાની રહે છે. આ માટે બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ની કલમ-૨૩ મુજબ શિક્ષકોને નિમણુંક માટેની લાયકાત, નોકરીની શરતો માટે આ વિભાગના તારીખ ૧૫/૦૪/૨૦૧૦ ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક થી નકકી કરાયેલ છે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૪/- જે ટ્રસ્ટો ધ્વારા ધોરણ-૮ થી ૧૦ ની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ ચલાવવામાં આવે છે તેવી શાળાઓ સંલગ્ન ધોરણ- ૫ થી ૭ કે ધોરણ- ૧ થી ૭ ની પ્રાથમિક શાળા ચાલતી હોય તેવી શાળાઓમાં ચાલુ વર્ષે ધોરણ-૮ અપગ્રેડ કરવાનું રહેશે નહીં.

૫/. ધોરણ-૮ શરુ કરવા માંગતા સંચાલક મંડળો પાસેથી દરખાસ્ત મંગાવવા સારુ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ જાહેરાત આપવાની રહેશે. આ જાહેરાત પ્રસિધ્ધ થયા બાદ નિયત કરેલ સમયમર્યાદામાં સંબંધિત સંચાલક મંડળો કે જે ધોરણ-૮ શરુ કરવા માંગતા હોય તેઓએ ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને અધિકૃત નગર પાલિકા વિસ્તાર (શહેરી વિસ્તાર) માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે ભારત સરકારના બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ ના શિડયુલ-એફ ની જોગવાઇ અનુસાર શાળા માટેના નિયત ધોરણો, માપદંડો અને શિક્ષકોની નિમણુંક અંગેની રુ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર અધિકૃત અધિકારી

સમક્ષ કરેલ એફીડેવીટ ધોરણ-૮ શરુ કરવા માટે રુ. ૫૦૦/- (અંકે રુપિયા પાંચસો પુરા) નિયત ફી ચલણથી સરકારશ્રીમાં જમા કરાવીને તેની નકલ અને નિયત નમુનામાં અરજીપત્ર સંચાલક મંડળે રજુ કરવાનું રહેશે. સંચાલક મંડળ એફીડેવીટ અને અરજી રજુ કર્યેથી નવા શરુ થતા શૈક્ષણિક સત્રથી ધોરણ-૮ આપમેળે શરુ કરી શકશે. ભારત સરકારના બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ ની કલમ-૧૮ મુજબ સંસ્થાએ અમલ કરવાનો રહેશે. અમલ નહીં કરનાર સંસ્થાની માન્યતા રદ કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. બી. ગરાસિયા
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
તમામ માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
અગ્રસચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો
કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય,ગાંધીનગર.
નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન,સેકટર-૧૭, ગાંધીનગર.
નિયામકશ્રી નિરંતર શિક્ષણ,ગુજરાત રાજય, ગાંધીનગર.
નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
નિયામકશ્રી,ગુજરાત રાજય પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુ.રા.ગાંધીનગર.
તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
તમામ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
સર્વે શાસનાધિકારીશ્રી,મહાનગરપાલિકા,નગરપાલિકા, અને નગર પંચાયત
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજકોટ/અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધી અર્થે
કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જી-સ્વાન પર મુકવા સારુ રવાના
શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ
સિલેકટ ફાઇલ.